ક્રમાંક: બમશ/૧૧૨૦૨૧/૧૧૩/ગ
શિક્ષણ વિભાગ,
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૪/૦૩/૨૦૨૧.

પ્રતિ,
નિયામકશ્રી
શાળાઓની કચેરી,
બ્લોક નં.૯/૧, ડૉ.જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર.

વિષય:રાજ્યની બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજનાની અવેજીમાં ખાસ રોકડ પેકેજનો લાભ આપવા બાબત.

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષયના સંદર્ભમાં જણાવવાનું કે, નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવ ક્રમાંક: મસભ-૧૦૨૦૧૩-૧૪૨૯૬૯-ચ થી રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ કે જે આપોઆપ એક વર્ષ લંબાયેલ છે અને તેની મુદત તા.૩૧/૧૨/૨૦૨૦ના રોજ પૂર્ણ થાય છે તેમાં વધુ ૩(ત્રણ) માસનો વધારો કરી, તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે તેમજ રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અંતર્ગત બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯નો લાભ લેવામાંથી વંચીત રહેલ કર્મચારીઓ અને હાલ સેવામાં ચાલુ હોય તેવા કર્મચારીઓના કિસ્સામાં, રજા પ્રવાસ રાહત/વતન પ્રવાસ રાહત યોજના અનુસંધાનમાં ખરેખર મુસાફરી કરવાંના વિકલ્પે શરતોને આધીન ખાસ રોકડ પેકેજ યોજના જાહેર કરવામાં આવેલ છે. વિભાગના સરખા ક્રમાંકના તા.૦૫/૦૩/૨૦૨૧ના પત્રથી બિન સરકારી અનુદાનિત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના કર્મચારીઓને નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવની જોગવાઈ મુજબ બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ની મુદત તા.૩૧/૦૩/૨૦૨૧ સુધી લંબાવવામાં આવેલ છે તેનો લાભ મંજૂર કરવાનું જણાવેલ છે.

રાજ્યની બિન સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શૈક્ષણિક કર્મચારીઓને પ્રાપ્ત રજા મળવાપાત્ર ન હોવાથી નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવથી બ્લોક વર્ષ ૨૦૧૬-૧૯ અંતર્ગત ખરેખર મુસાફરીના વિકલ્પે જાહેર કરવામાં આવેલ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ મળવાપાત્ર નથી. જ્યારે બિન શૈક્ષણિક કર્મચારીઓને પ્રાપ્ત રજા મળવાપાત્ર હોવાથી, રજા પ્રવાસ રાહત યોજનાનો લાભ મંજૂર કરવા બાબતની તમામ શરતો પરિપૂર્ણ થતી હોય તેવા બિન શૈક્ષણિક કર્મચારીઓને નાણા વિભાગના તા.૨૨/૧૨/૨૦૨૦ના ઠરાવની શરતો અને જોગવાઈઓ મુજબ ખાસ રોકડ પેકેજ યોજનાનો લાભ આપવાનો રહેશે.

આપનો વિશ્વાસુ
(સહી)
(એસ.વી.ગઢવી)
સેક્શન અધિકારી
શિક્ષણ વિભાગ

ક્રમાંક:- ઉમશ/ઉમા-૦૨/એલ.ટી.સી./૨૦૨૧/3722-3757
કમિશનર શાળાઓની કચેરી,
બ્લોક નં. ૦૯, ડૉ.જીવરાજ મહેતા ભવના,
ગુ.રા.,ગાંધીનગર. તા. /૦૩/૨૦૨૧

૨/- નકલ રવાના જાણ તથા અમલ સારુ

(સહી)
નાયબ શિક્ષણ નિયામક
૧૦+૨ શાખા, ગાંધીનગર

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ. (શિ.વિ.ના પત્ર ક્ર.બમશ/૧૧૨૦૨૧/૧૧૩/ગ તા.૨૪/૦૩/૨૦૨૧ની અમલવારી સારુ)
સવિનય નકલ રવાના:-

- નાયબ શિક્ષણ નિયામકશ્રી, માધ્યમિક, અત્રેની કચેરી
- નાયબ શિક્ષણ નિયામકશ્રી, મહેકમ, અત્રેની કચેરી